અપીલ અરજી નં.૧૪ તા.૧૩–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) (કતારગામઝોન)
આસી.કમિશ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારી, (સેન્ટ્રલ સેલ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૮–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧. શ્રી દીપક પી. શુકલ એસેસમેન્ટ અને રીકવરી અધિકારી સીધાવેરામાં પણ બાકી હોય તો સદર મિલ્કતને 'સિલ' મારવાનો આદેશ તેમના વિભાગનાં કર્મચારીઓને આપેલ છે. જે અંગેની **BPMC** એકટ અનુસાર માહિતીની નકલ. વિ.મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૩–૪–૧૦ ની **SMC/FAP/** નં.૧૪/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૮–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧. શ્રી દીપક પી. શુકલ એસેસમેન્ટ અને રીકવરી અધિકારી સીધાવેરામાં પણ બાકી હોય તો સદર મિલ્કતને 'સિલ' મારવાનો આદેશ તેમના વિભાગનાં કર્મચારીઓને આપેલ છે. જે અંગેની **BPMC** એકટ અનુસાર માહિતીની નકલ. વિ.મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૮૮ તા.૭–૪–૧૦ થી તથા આસી.કમિશ્નર (ફા.) અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ સેલના પત્ર નં.એ.આર.ડી.નં./સેલ/૩૮૬ તા.૨૨–૩–૧૦ થી આપેલ માહિતી અપુરતી, અને અસ્પષ્ટ મળેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૪ તા.૨૦–૪–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) (કતારગામઝોન), આસી.કમિશ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારી, (સેન્ટ્રલ સેલ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને આસી. કમિશ્નર(ફા.) સેન્ટ્રલઝોન તરફથી મુદ્દા નં.૫ અંગે ની પૂરક વિગતોમાં પત્ર નં.એ.આર.ડી.સેલ/૨૦ તા.૨૨–૪–૧૦ના પત્ર મોકલેલ છે જેમાં તા.૨૨–૩–૨૦૧૦ થી માહિતી આપ્યાનું જણાયેલ છે. પરંતુ કોઈ બિડાણ મળેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી નોર્થઝોનના પત્ર નં. એન.ઝેડ/એઆરડી/૫૬ તા.૨૭–૪–૧૦ થી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૭૯ તા.૧૦–૩–૧૦ કાર્યપાલક ઈજનેર નોર્થઝોનને કરેલ તબદીલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, તા.૧–૪–૦૮ થી તા.૩૧–૩–૦૮ ડીમાન્ડ એન્ડ રીકવરી પત્રકની નકલ, સીલ માર્યા અંગેના પત્રકની નકલ–૩, અરજદારને આપેલ માહિતી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૩૬ તા.૧૬–૪–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર(પઅનેઈ) મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જાવક નં.જીએડી/ઈએસટી/૪૭૧ તા.૫–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૮૬૮૪ તા.૧૮–૩–૧૦ થી આકારણી વિભાગ સેન્ટ્રલસેલને તથા પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, સેન્ટ્રલઝોને નોર્થઝોનને તા.૧૦–૩–૧૦ થી તબદીલ કર્યાના પત્રની નકલ, મુળ અરજીની નકલ, પોટલા નંગ–૩૭ નાશ કર્યાના રેકર્ડનું લીસ્ટ , દિપક શુકલનું સેવાકાર્ડની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૮૮ તા.૭–૪–૧૦ ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૮–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ અંગેની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેર નોર્થઝોનને સંબોધીને સેન્ટ્રલઝોનમાં કરવામાં આવેલ. જે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક /૧૭૭૯ તા.૧૦–૩–૧૦ થી કાર્યપાલક ઈજનેર નોર્થઝોનને તબદીલ કરવામાં આવેલ. નોર્થઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૮૬૮૪ તા.૧૮–૩–૧૦ થી આકારણી અધિકારી સેન્ટ્રલ સેલ તથા પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને નોર્થઝોનની કચેરીના શ્રી દિપક શુકલ એઆરઓ સીધાવેરા ખાતામાં તેમની અને તેમના કર્મચારીઓની શ્રેષ્ઠ કર્મચારીઓ અંગેની માહિતીની નકલ મેળવવા બાબતેમુદ્દા નં.૧. શ્રી દીપક પી. શુકલ એસેસમેન્ટ અને રીકવરી અધિકારી સીધાવેરામાં પણ બાકી હોય તો સદર મિલ્કતને 'સિલ' મારવાનો આદેશ તેમના વિભાગનાં કર્મચારીઓને આપેલ છે. જે અંગેની **BPMC** એકટ અનુસાર માહિતીની નકલ.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર(પઅનેઈ) કતારગામઝોન તરફથી મુદ્દા નં.૧ અને ૫ બાબતે મ્યુ. ટેક્ષ બીલ/નોટીસ ઈસ્યુ કર્યા બાદ ઓછામાં ઓછા ૩૦ દિવસ દરમ્યાન નિયમોનુસાર વેરો ન ભરનાર કરદાતાઓને સને ૧૯૪૯ ના બીપીએમસી એકટની અનુસૂચિ–'ક' ના પ્રકરણ –૮ અન્વયેના કરવેરા નિયમોના નિયમ–૪૫(૧) હેઠળ ઠરાવ્યા પ્રમાણે કસુરવારની સ્થાવર મિલ્કત જપ્ત કરવા / ટાંચ લેવા બાબતનો હુકમ (વોરંટ) બજાવવામાં આવે છે. જે બજયેથી નિયમોનુસાર દિન–૫ માં જો મિલ્કતવેરો ન ભરવામાં આવે તો બાકી જે તે નાણાકીય વર્ષના મિલ્કત વેરાના ૬% વોરંટ ફી દંડ તરીકે વસુલ લેવામાં

આવે છે. તેમજ ગુજરાત રાજય ઉપકર અધિનિયમ–૧૯૬૨ ના પ્રકરણ–૪ ની કલમ–૧૬(૧) મુજબ બીલ નોટીસ ઈસ્યુ થયા બાદ ૩૦ દિવસ દરમ્યાન શિક્ષણવેરો ભરવામાં ન આવે તો જે તે વર્ષની શિક્ષણ ઉપકરની લેણી રકમના ૨૫% કરદાતા પાસેથી પેનલ્ટી તરીકે વસુલવામાં આવે છે. વોરંટ જપ્તી તેમજ શિક્ષણ ઉપકરની પેનલ્ટી નોટીસ બજી ગયા બાદ ઉપર જણાવેલ સમય દરમ્યાન લેણી રકમ કરદાતા ધ્વારા જમા કરવામાં ન આવે તો દિન–૫ બાદ સદર મિલ્કતને સીલ કરવાની સત્તા સુરત મહાનગરપાલિકાને અબાધિત છે અને નિયમોનુસારની છે. અરજીમાં જણાવ્યા મુજબ રૂા.૧ નો બાકી વેરો હોય તો કોઈ મિલ્કતને સીલ મારવામાં આવ્યુ હોય કે તે અંગે કચેરીએથી આદેશ આપવામાં આવ્યો હોય તેવું કચેરીના જાણમાં નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨. મજકુર અધિકારી કેટલા વર્ષથી સદર કચેરી વિભાગમાં કાર્યશીલ છે અને તેમની શ્રેષ્ઠ કામગીરીની સર્વીસબુક અનુસારની નોંધની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે પત્ર નં.જીએડી/ઈએસટી/૮૮ તા.૭–૪–૧૦ થી મજકુર અધિકારી તા.૨૬–૬–૮૬ થી સુરત મહાનગરપાલિકામાં જોડાયા છે તેવી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૩ મજકુર કર્મચારીની સદર પોસ્ટ ઉપર કેટલી રકમની સીધાવેરામાં ટકાવારી રીકવરી કરેલ છે અને કેટલી મિલ્કતોને બાકી વેરા અંગે સીલ મારેલા છે જે અંગે વિસ્તૃત માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તરફથી સને ૨૦૦૭–૦૮ ના વર્ષમાં ૧૦૬ મિલ્કતોને અને સને ૨૦૦૮–૦૯ ના વર્ષમાં ૧૮૫ તથા ૨૦૦૯– ૧૦ ના વર્ષમાં ૧૩૮ મિલ્કતોને કચેરીએથી સીલ મારવામાં આવેલ છે. તેમજ સને ૨૦૦૭–૦૮ ના વર્ષ નું ડીમાન્ડ રૂા. ૩૦,૨૧,૫૬,૧૬૭/– રીકવરી રૂા.૨૫,૬૦,૨૨,૦૪૯/– ટકા ૮૪.૭૩ છે. સને ૨૦૦૮–૦૯ ના વર્ષનું ડીમાન્ડ રૂા.૩૦,૧૬,૫૫,૨૪૨/– રીકવરી રૂા.૨૨,૯૦,૮૯,૫૪૪/– ટકા ૭૫.૯૪ છે. સને ૨૦૦૯–૧૦ ના વર્ષનું ડીમાન્ડ રૂા. ૩૨,૮૫,૬૫,૭૬૫/– રીકવરી રૂા.૨૫,૧૩,૦૪,૦૪૩/– ટકા ૭૬.૪૯ છે. તેવી માહિતી જણાવેલ છે. મુદ્દા નં.૪ મજકુર અધિકારીની શૈક્ષણિક લાયકાતની અને તેમને એસએમસી કયારે જોઈન્ટ કરી તેની તથા તે સમયે તેમની શૈક્ષણિક લાયકાતની તથા એસએમસી જોઈન્ટ કર્યા બાદની શૈક્ષણિક લાયકાતની સર્ટીફીકેટ સાથેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી અરજદારને મુદ્દા નં.૪ અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૮૮ તા.૭–૪–૧૦ થી " રેકર્ડ મુજબ અધિકારીશ્રી ડી પી. શુકલ તા. ૨૬–૬–૮૬ થી સુરત મહાનગરપાલિકામાં જોડાયા. ત્યારે તેઓ બી. કોમની ડીગ્રી ધરાવતા હતાં અને હાલમાં પણ તેઓ તે ડીગ્રી ધરાવે છે. સર્ટીફીકેટની નકલ સુલભ થઈ શકેલ નથી." તેવી માહિતી આપેલ છે. મુદ્દા નં.૫ બીપીએમસી એકટ અનુસાર તથા કમિશનરશ્રીના આદેશાનુસાર સીધા વેરા કેટલા વર્ષના અને કેટલી રકમમાં મીનીમમ બાકી હોય તો સદર મિલ્કતને સીલ મારી શકાય જે અંગે વિસ્તૃત કાયદાકીય અને આદેશાનુસાર માહિતીની નકલની માંગણી કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અને આસી. કમિશ્નર(ફા.) કક્ષાએથી નં.એઆરડી સેલ/૩૮૬ આકારણી અને વસુલાત વિભાગ સેન્ટ્રલ સેલ તા.૨૨–૩–૧૦ થી " સને ૧૯૪૯ ના મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાઓના અધિનિયમની અનુચૂચિ–'ક' ના પ્રકરણ–૮ ના કરવેરાના નિયમોના નિયમ ૪૨ થી ૪૭ મુજબની કાર્યવાહી હાથ ધરવાની હોય છે. સદર અધિનિયમ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૩–૪–૧૦ ના રોજ અસ્પષ્ટ, અપૂરતી તથા અન્ય મુદ્દાની માહિતીની નકલ આપેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૪ શૈક્ષણિક સર્ટીફીકેટ વગરની માહિતી આપેલ છે. જે અંગે રેકર્ડ નાશ કર્યા અંગેની યાદીની નકલ પૂરી પાડવી. જયારે મુદ્દા નં.૫ અંગે આસી.કમિશ્નર (ફા.) એ માહિતી અસ્પષ્ટ આપેલ છે જેમાં વિસ્તૃત કાયદાકીય વિગત સ્પષ્ટ માહિતીની નકલ આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે અનુસાર મુદ્દા નં.–૪ અંગે પોટલા નં.–૩૭ તા.૮–૧૦–૯૮નાં રોજ રેકર્ડ નાશ કરવાની મંજુરીની નકલ રજુ કરેલ છે. તે જોતાં મુદ્દા નં.–૪ નો આપેલ પ્રત્યુત્તર કાયદાની જોગવાઈ સાથે સુસંગત છે. જયારે મુદ્દા નં.–૫ અંગે જાહેર માહિતી અધિકારીએ સદર વિગત વેબ સાઈટ ઉપર મુકવામાં આવેલ છે અરજદાર વેબસાઈટ ઉપરથી જરૂર જણાય તો તે નકલો મેળવી શકે છે. તથા કાયદાકીય પુસ્તકોમાં પણ તેની જોગવાઈઓ જણાવેલ છે જે ખુલ્લા બજારમાં ઉપલબ્ધ છે. તેવી માહિતી આપેલ છે જે હકીકતલક્ષી હોય યોગ્ય છે. જયારે અરજદારે અન્ય મુદ્દા નં.૧,૨ અને ૩ માંગેલી માહિતી મુજબ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગેની નકલો પૂરી પાડવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. પરંતુ મુળ અરજીમાં અરજદારે એકટ મુજબ વિસ્તૃત માહિતીની નકલ તેવું જણાવેલ છે. જેમાં તમામ મુદ્દાદીઠ પ્રત્યેકની નકલોનો સ્પષ્ટ ઉલ્લેખ જણાતો નથી. તે જોતાં મુદ્દા નં.૧ અને ૩ ની માહિતી જાહેર માહિતી અધિકારી નોર્થઝોન કક્ષાએથી યોગ્ય રીતે આપેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૮–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી વિગતે પૂરી પાડેલ હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતી અધિકારીનો દિન–૭માં અગોતરો સમય મેળવી ઈચ્છે તે નકલો આરટીઆઈ એકટની કલમ –૭(૩) સાથે નિયમ–૫ હેઠળ ઠરાવેલ દસ્તાવેજ ફી ભરી મેળવવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે જાહેર માહિતી અધિકારી નોર્થઝોન અને ડે.કમિશ્નર (પ અને ઈ)એ અમલવારી કરી અત્રે જણાવવા સુચિત કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) (કતારગામઝોન) આસી.કમિશ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારી, (સેન્ટ્રલ સેલ)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,